**ઉનાળુ વેકેશનના છેલ્લા દિવસોમાં પ્રવાસની મજા**

# ઉત્તર ગુજરાતમાં ધાર્મિક-પર્યટક સ્થળો અસહ્ય ગરમી છતાં મુલાકાતીઓથી ઉભરાયાં

**વિજયનગરની પોળો, ઝાંઝરી ધોધ, બાલારામ અભિયારણ, ધરોઈ ડેમ હોટ ફેવરીટ**



બાયડ, તા.૨૨

ઉત્તર ગુજરાતમાં વેકેશનના છેલ્લા દિવસોમાં પ્રવાસની ધુમ મચી છે. શૈક્ષણિક સંકુલો શરુ થવાને ગણતરીના દિવસ બાકી રહ્યા છે જેથી ૫ જિલ્લાના ધાર્મિક અને પર્યટક સ્થળો છેલ્લા ૪ દિવસથી મુલાકાતીઓથી ઉભરાઈ રહ્યાં છે જેમાં સાબરકાંઠામાં વિજયનગરની પોળો, અરવલ્લીમાં ઝાંઝરી ધોધ, બનાસકાંઠામાં બાલારામ અભિયારણ તેમજ ધરોઈ ડેમ સહિતના પર્યટક સ્થળો પ્રવાસીઓમાં હોટ ફેવરીટ બની રહ્યા છે. ઉનાળાની કાળઝાળ ગરમીએ આમ તો ઘરની બહાર નિકળવું મુશ્કેલ બનાવી દીધું છે. પરંતુ પ્રવાસના શોખીનોને ગરમીની કોઈ ફીકર ન હોય તેવો માહોલ હમણાંથી જોવા મળ્યો છે. ઉનાળાની શરુઆતમાં ઉત્તર ગુજરાતના પર્યટક સ્થળો ઉપર પ્રવાસીઓની પાંખી હાજરી જોવા મળી હતી પરંતુ હવે ઉનાળુ વેકેશન પૂર્ણ થવાની તૈયારી હોવાથી હજારો પ્રવાસીઓ છેલ્લી ઘડીએ પ્રવાસના આયોજનો કર્યા જેના કારણે બનાસકાંઠાના કુંભારીયા, બાલારામ અભિયારણ, મહેસાણામાં થોળપક્ષી અભિયારણ, ધરોઈ ડેમ, બહુચરાજી મંદિર, મોઢેરા સૂર્ય મંદિર, પાટણ જિલ્લામાં રાણીની વાવ, જૈન મંદિર, સહસ્ત્રલીંગ તળાવ, સાબરકાંઠામાં વિજયનગરની પોળો, ઈડરીયોગઢ તેમજ અરવલ્લી જિલ્લામાં પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી વિષ્ણુ મંદિર, દેવનીંમોરી, બાયડ ઝાંઝરી ધોધ સહિતના સ્થળોએ પ્રવાસીઓનો હમણાંથી પ્રવાસીઓનો ધસારો વધ્યો છે. છેલ્લી ઘડીએ ધાર્મિક અને પ્રવાસન સ્થળો ઉપર દૈનિક આવતા મુલાકાતીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થવાથી સ્થાનિક ધંધા-રોજગારોને પણ તેનો ફાયદો થઈ રહ્યો છે. ઉનાળુ વેકેશનના માહોલમાં પ્રવાસીઓએ ટૂંકા પ્રવાસના આયોજન કર્યા છે કારણ કે વધતી જતી મોંઘવારીમાં ઈંધણના ભાવ વધ્યા પછી પ્રાઈવેટ વાહન લઈને ફરવા જવું મોંઘુ બન્યું છે. જ્યારે ખાનગી ટ્રાવેલ્સના ભાડાં પણ વધી ગયાં હોવાથી મોટાભાગના પરિવારોએ નજીકના ધાર્મિક સ્થળો અને પર્યટક સ્થળોએ મુલાકાતના આયોજનો ગોઠવ્યાં છે જેથી ઉત્તર ગુજરાતના તમામ જાણીતા સ્થળોએ ઉનાળુ વેકેશન પૂર્ણ થાય તે પહેલાં પ્રવાસીઓની ભીડ જોવા મળી રહી છે.

# જિલ્લાના સી.એન.જી. પંપ ઉપર ઈંધણની અછતથી વાહન ચાલકોની મુશ્કેલી વધી

**સાબરમતી ગેસની વિતરણ વ્યવસ્થા ઉપર સવાલ ઉભા થયા**

બાયડ, તા.૨૨

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સાબરમતી ગેસના સી.એન.જી. પંપ ઉપર છેલ્લા ૨-૩ દિવસથી ગેસની અછતથી અનેક વાહન ચાલકોની મુશ્કેલી વધી છે. જ્યારે પંપોના માલિકોએ શોર્ટ સપ્લાય સામે ધીમો આક્રોશ વ્યક્ત કર્યો છે. પુરવઠા તંત્ર દ્વારા સાબરમતી ગેસની વિતરણ વ્યવસ્થા ઉપર ઓચિંતિ તપાસ કરવામાં આવે તો ચોંકાવનારા ખુલાસા થવાનું અનુમાન છે. પ્રાપ્ત જાણકારી અનુસાર પેટ્રોલ અને ડિઝલ સહિતના ઈંધણના ભાવમાં વધારા પછી વાહન ચાલકોએ સી.એન.જી. વાહનો ઉપર પસંદગી ઉતારી છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના સ્ટેટ અને જિલ્લા ધોરી માર્ગો ઉપર મહત્વના સ્થળોએ અનેક સી.એન.જી. પંપ કાર્યરત થયા છે અને મોટાભાગે સાબરમતી ગેસ દ્વારા તેનું ઓફ લાઈન સંચાલન થઈ રહ્યું છે. પરંતુ છેલ્લા ૪-૫ દિવસથી અનેક સી.એન.જી. પંપને પૂરતા પ્રમાણમાં પુરવઠો મળતો ન હોવાના આરોપ લાગ્યા છે. જેથી કેટલાક સી.એન.જી. પંપ માલિકોએ પણ અમે પણ હવે સી.એન.જી. ગેસના ધંધાથી ત્રાસી ઉઠ્યા છીએ તેવું ખૂલીને જણાવી રહ્યા છે. જ્યારે બીજી લોક ચર્ચા એવી છે કે જિલ્લામાંથી સી.એન.જી.નો ડેપો ભિલોડા તરફ ખસેડાયા પછી મોટાભાગનું સી.એન.જી.નો જથ્થો પરપ્રાંતિય વાહનોમાં ઠલવાઈ રહ્યો છે અને તેની સીધી અસર જિલ્લાના પંપો ઉપર શોર્ટ સપ્લાયના રુપમાં જોવા મળી રહી છે. છેલ્લા ૨ દિવસથી અનેક સી.એન.જી. પંપો ઉપર



સી.એન.જી. પુરાવા આવેલા વાહન ચાલકોને ધરમ ધક્કા ખાઈને પાછા જવાની નોબત આવી છે.

# બાબા બાગેશ્વરના દિવ્ય દરબારમાં રાવળ યોગી સમાજના યુવાનો સેવા આપશે

**હિન્દુ ધર્મના પ્રચારક બાબા બાગેશ્વરને રાવળ યોગી સમાજે સમર્થન આપ્યું : બાબા બાગેશ્વરના ગુજરાત આગમનને લઇ દુષ્પ્રચાર કરાય રહ્યો હોવાના આક્ષેપ કરાયા**

પાલનપુર, ૨૨

આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે , ગુજરાતમાં બાબા બાગેશ્વરના વિવિધ જગ્યાઓ પર દિવ્ય દરબાર યોજવામાં હોય રાજકીય આગેવાનો સહિતના લોકો દ્વારા તેમના પર ટીકા ટિપ્પણી ઓ કરવામાં આવી રહી છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના રાવળ યોગી સમાજના યુવાનોએ હિંદુ ધર્મ ના પ્રચારક બાબા બાગેશ્વરને ખુલ્લું સમર્થન જાહેર કરી બાબા બાગેશ્વર ના દિવ્ય દરબારમાં સેવા કરવાનો નિર્ણય કર્યો છે. હિન્દુ ધર્મ પ્રચારક બાબા બાગેશ્વર ધીરેન્દ્ર શાસ્ત્રી માં આગામી તા.૨૬ મે થી ૪ જૂન દરમિયાન રાજ્યના અમદાવાદ,સુરત અને રાજકોટમાં દિવ્ય દરબાર યોજવાના છે ત્યારે વિવાદ સર્જાયો છે અને ટિપ્પણી ઓને લઈ ભાજપ અને કોંગ્રેસ સામ સામે આવતા રાજ્યમાં રાજકારણ ગરમાયું છે તેવામાં બનાસકાંઠા જિલ્લા રાવળ યોગી સમાજના યુવાનોએ હિંદુ ધર્મ પ્રચારક બાબા બાગેશ્વરના પડખે આવી લોકોને બાબા બાગેશ્વર નો વિરોધ નહિ પણ સમર્થન કરવાની અપીલ કરવાની સાથે બાબા બાગેશ્વરના દિવ્ય દરબાર માં ૪૦૦ જેટલા યુવાનો દ્વારા સેવા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જોકે બાબા બાગેશ્વર ના ગુજરાત આગમન પૂર્વે જ તેમના પર અંધ શ્રદ્ધા ફેલાવાના આક્ષેપ કરાય રહ્યા હોય તેની સામે ભાજપ દ્વારા બાબા બાગેશ્વર ને ખુલ્લું સમર્થન કરવામાં આવી રહ્યું છે

# અરવલ્લી : મોડાસા બાજકોટમાં જમીન ખાલી કરી દેવાનું કહીં ભૂ-માફિયા

**અકે કબ્જેદાર પર હુમલો, રૂપિયાની માંગી જાનથી મારી નાખવાની ધમકી : મોડાસા શહેર અને તેના આજુબાજુના વિસ્તારમાં આવેલી અનેક જમીનો પર ભૂ-માફિયાઓનો ડોળો**



મોડાસા, તા. ૨૨

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેર અને તેના દસ કિમિ વિસ્તારમાં જમીનના ભાવ આસમાને આંબી રહ્યા હોવાની સાથે ભૂમાફિયાઓ બેફામ બન્યા છે મોડાસા શહેરને અડીને આવેલા બાજકોટ ગામની સીમમાં આવેલ જમીનમાં કબ્જેદાર અને અન્ય લોકો વચ્ચે કોર્ટ કેસ ચાલી રહ્યો છે ત્યારે ભૂ માફિયા તરીકે વગોવાયેલા કનુ રબારીએ કબ્જેદાર અને તેના ભાઈને જમીન ખાલી કરી દેવા અને પૈસા માંગી બિભસ્ત ગાળો બોલી ગડદા પાટુનો માર મારતા કબ્જેદાર ખેડૂતે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. બાજકોટ ગામની સીમમાં આવેલી દિનેશભાઈ કડવાજી ખાંટ નામના વ્યક્તિની જુના સર્વે નંબર ૨ પૈકી નવા સર્વે નંબર ૩૪૩ના કબ્જા બાબતે કેટલાક વ્યક્તિઓ સાથે કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે હાલ જમીન પર દિનેશ કડવાજી ખાંટનો કબ્જો છે ત્યારે મોડાસા શહેરના રબારીવાસમાં રહેતા કનુ રામાભાઈ રબારી નામના શખ્સને જમીનમાં કોઈ લેવા દેવા ન હોવા છતાં દિનેશ ખાંટ પાસે પૈસાની માંગણી કરી કબ્જો છોડી દેવા ધમકી આપી બિભસ્ત ગાળો બોલી જાનથી મારી ધમકી આપવાની સાથે કબ્જેદારના ભાઈ મુકેશ ખાંટને મોડાસામાં ગડદા પાટુનો માર મારી વારંવાર પૈસાની માંગણી કરતા ભારે ચકચાર મચી છે ભૂ માફિયા કનું રબારીની દાદાગીરીથી કબજેદાર પરિવાર તોબા પોકારી ઉઠ્યો છે અને સતત રંજાડ રહેતા ડરથી થરથર કાંપી રહ્યો છે. મોડાસા ટાઉન પોલીસે દિનેશભાઈ કડવાજી ખાંટની ફરિયાદના આધારે મોડાસા રબારીવાસમાં રહેતા કનુ રામાભાઈ રબારી સામે ૩૮૪,૫૦૪,૫૦૬(૨) અને ૫૦૭ મુજબ ગુન્હો નોંધી આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# પાલનપુર તાલુકા રતનપુર ગામે રાહતના પ્લોટ બારોબાર વેચી મારવાનું કોભાંડ આચરાયું હોવાની રાવ

**ગામતળમાં ગેરકાયદેસર પ્લોટ પાડી મળતિયા ઓને ૪૦-૪૦ હજારમાં વેચી મરાયા હોવાના આક્ષેપ : ૩૦૦ પ્લોટ રદ કરવાની જગ્યાએ માત્ર ૬૫ પ્લોટ રદ કરવામાં આવતા કલેકટરને આવેદન પાઠવાયું**

પાલનપુર, તા. ૨૨

પાલનપુર તાલુકા રતનપુર ગામે ગ્રામ પંચાયતના તત્કાલીન સત્તાધીસો અને તલાટી ક્રમ મંત્રીએ મળીને ગામની પડતર જમીનમાં ગેરકાયદસર પ્લોટ પાડી આ પ્લોટ તેમના મળતિયા ઓને બારોબાર વેચી મારવામાં આવ્યા હોય ગામના ૩૦૦ પ્લોટ રદ કરવા જિલ્લા વિકાસ અધિકારીને રજૂઆત કરવામાં આવતા માત્ર ૬૫ પ્લોટ રદ કરવામાં આવ્યા હોવાના આક્ષેપ સાથે ગ્રામજનો દ્વારા જીલ્લા કલેકટર ને આવેદનપત્ર પાઠવાયું છે જેમાં આ પ્લોટ કોભાંડ માં કસૂરવારો સામે ફોજદારી પગલા ભરવાની માંગ કરવામાં આવી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે , પાલનપુર થી ચાર કિલોમીટરના અંતરે આવેલ નાના સરખા રતનપુર ગામે ગ્રામ પંચાયતના તત્કાલીન શાસકોએ તલાટી સાથે મળી પડતર જમીનમાં પ્લોટ પાડી આ પ્લોટ ૪૦-૪૦ હજારમાં પોતાના મોલતિયાઓ ને વેચી મારી ગ્રામ પંચાયતના આકારણી રજીસ્ટર પર અન્ય વ્યક્તિઓ નામે ટાન્સફર કરવાનું કોભાંડ આચરવામાં આવતા ગ્રામના જાગૃત નાગરિક દ્વારા ગામના ૩૦૦ પ્લોટ રદ કરવા જિલ્લા વિકાસ અધિકારી ને રજૂઆત કરવામાં આવતા ડીડીઓ દ્વારા માત્ર ૬૫ પ્લોટ રદ કરવામાં આવતા ગ્રામજનો દ્વારા આ મામલે જિલ્લા તેમજ મુખ્યમંત્રી કક્ષાએ લેખિત રજૂઆતો કરવા માં આવી હતી તેમ છતાં કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા આખરે આ પ્લોટ કોભાંડ માં કસૂરવારો સામે ફોજદારી પગલા ભરવાની માંગ સાથે રતનપુર ગ્રામજનો દ્વારા જીલ્લા કલેકટર ની કચેરીએ અધિક નિવાસી કલેકટર રીટાબેન પંડ્યાને આવેદપત્ર પાઠવવામાં આવ્યું હતું




મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં સતત સેવાકીય કાર્યોમાં અગ્રેસર રહેતી અને જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશન ઝોન-૧ની ખૂબ જ અગત્યની સેવા સંસ્થા જાયન્ટ્સ મોડાસાના યજમાન પદે અરવલ્લી સાબરકાંઠા ડિસ્ટ્રિક્ટની વિવિધ ગ્રુપોની મોડાસા ખાતે શપથવિધિ તેમજ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

# સાબરકાંઠાના તલોદની કચેરીમાં મામલતદારની નિમણુક કરવાની માંગણી ઉઠી

તલોદ, તા. ૨૨

તલોદ મામલતદાર કચેરી હાલ મામલતદાર વિહોણી બની છે જેથી તત્કાળ મામલતદાર ની નિમણુક કરવાની માંગ ઉઠવા પામી છે. તાજેતર માં રાજ્ય સરકારે રાજ્ય ના ૧૨ મામલતદારો ની બદલી કરી હતી જે અન્વયે તલોદ મામલતદાર હિમાંશુ ચૌહાણ ની બદલી ભાવનગર ખાતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ માં થવા પામી છે પરંતુ તેઓના સ્થાને તલોદ મામલતદાર તરીકે કોઈને પણ પોસ્તિંગ અપાયું નથી જેથી તલોદ મામલતદાર ની જગ્યા ખાલી પડી છે ત્યારે હાલ તો નગરપાલિકા ના ચુંટાયેલા સદસ્યો ની હોડા ની મુદત પૂરી થયેલી હોવાથી પાલિકા ના વહીવટદાર તરીકે ની જવાબદારી પણ તલોદ મામલતદાર ને સંભાળવાની છે પરંતુ અહી મામલતદાર જ નહિ હોવાથી તલોદ બજાર માં પાલિકા દ્વારા ચાલતા કામો ઠપ થઈ ગયા હોય તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે જેથી રાજ્ય સરકાર દ્વારા તાકીદે તલોદ મામલતદાર ની નિમણુક કરિદે તે જરૂરી બાબત છે.વણઝારા



**તલોદની હોસ્પિટલ ખાતે તલોદ કોંગ્રેસ કાર્યકરો દ્વારા ફ્રૂટ વિતરણ**

તલોદ હોસ્પિટલ ખાતે ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી ની ૩૨ મી પુણ્યતિથી નિમિત્તે તલોદ કોંગ્રેસ કાર્યકરો દ્વારા સારવાર લઈ રહેલા દર્દીઓને ફ્રૂટ અને બિસ્કીટ નું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે તલોદ પ્રમુખ કિરણસિંહ ઝાલા તેમજ કોંગ્રેસ ના સદસ્યો, કાર્યકરો હાજર રહ્યા હતાં. તલોદ દશરથ વણઝારા

# ઈકો કાર આગમાં ખાખ : મેઘરજના પૃથ્વીપુરા પાસે રોડ પર પસાર થતી કાર આગમાં લપેટાઈ, કાર ચાલકનો આબાદ બચાવ





મોડાસા, તા. ૨૨

ઉનાળાની ભીષણ ગરમીમાં વાહનોમાં આગ લાગવાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના પૃથ્વીપુરા ગામ નજીક પસાર થતી ઈકો કારમાં આગ લાગતા કાર ચાલક સમય સુચકતા વાપરી નીચે ઉતરી જતા આબાદ બચાવ થયો હતો ઈકો કાર ગણતરીની મિનિટ્સમાં રાખ બની ગઈ હતી કારમાં ભીષણ આગ લાગતા રાહદારીઓ અને અન્ય વાહનચાલકો પણ થંભી ગયા હતા. મેઘરજના પૃથ્વીપુરા ગામ નજીક રોડ પર સડસડાટ દોડતી ઈકો કારમાં અગમ્ય કારણોસર બોનેટમાંથી આગ લપકારા મારતી બહાર આવતા કાર ચાલક ચોંકી ઉઠ્યો હતો અને કાર ચાલક રોડ સાઈડ કાર ઉભી રાખી ઉતરી ગયો હતો કાર ગણતરીના સમયમાં લપેટાતા આગમાં ખાખ થઈ ગઈ હતી કારમાં આગ લાગતા આજુબાજુથી મોટી સંખ્યામાં લોકો દોડી આવ્યા હતા જો કે કારમાં સીએનજી કીટ ફિટ કરેલીમાં વિસ્ફોટ થવાની આશંકાએ લોકો કારમાં લાગેલી આગ સામે લાચારી અનુભવી રહ્યા હતા કારમાં આગ લાગતા નજીકમાં રહેલ જંગલમાં આગ લાગવાની સંભાવના પેદા થતા ગામલોકો ફફડી ઉઠ્યા હતા સદનસીબે આગ અન્ય સ્થળે નહીં પ્રસરતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો કાર ચાલક મેઘરજના પહાડીયા વિસ્તારનો હોવાનું ચર્ચાએ જોર પકડ્યું હતું